**નરેન્દ્ર સાબુ**
મનભરી પ્રિન્ટ્સ

સાડીના વેપારમાં દેશભરમાં આજે બ્રાન્ડેડ પ્રોડક્ટ માનવામાં આવે છે. ટેક્સ્ટાઇલના વેપારમાં આ ગ્રુપ ડોમેસ્ટીકની સાથે ગલ્ફના દેશોમાં એક્સપોર્ટ કરવા તરફ આગળ વધી રહ્યું છે

# સ્કૂલની રજામાં વેપારની આંટીઘૂંટી



નરેન્દ્ર રામઅવતાર સાબુ... સંઘર્ષ પછી જો શાંતિ હોય તો તે નરેન્દ્ર સાબુ ધરાવે છે. મૂળ રાજસ્થાનના સીકર જિલ્લાના લોસલ ગામના વતની નરેન્દ્ર સાબુ માત્ર આઠ જ વર્ષની વયે માતા-પિતા સાથે વેપાર માટે સુરત આવી ગયા હતા. પહેલા નરેન્દ્ર સાબુના પિતા યુપીના બરેલી શહેરમાં વેપાર કરતા હતા પણ પિતાને મિત્રોએ કહ્યું કે કાપડનો વેપાર કરવો હોય તો સુરત જવું પડે. અને સુરત આવી ગયા. સુરતની સેવન્થ ડે સ્કૂલમાં અભ્યાસ કરનાર નરેન્દ્ર નાનપણથી જ વેપારની આંટીઘૂંટી શીખી ગયા હતા. સ્કૂલમાં શનિ અને રવિવારે રજા હોય અને નરેન્દ્ર પિતા સાથે સુરત ટેક્સ્ટાઇલ માર્કેટમાં આવેલી કાપડની દુકાને જતા. ૧૮ વર્ષની વયે મંત્રા કોલેજમાંથી નરેન્દ્ર સાબુએ ટેક્સ્ટાઇલ ડિઝાઇનરનો કોર્ષ પુરો કર્યો અને બાદમાં મુંબઈની કાશીમીરા મંત્રા ઈન્સ્ટીટ્યુટમાંથી ટેક્સ્ટાઇલ સ્પેશ્યલાઈઝ ડિગ્રીનો અભ્યાસ કર્યો. નરેન્દ્ર સાબુના માતા વિમલાદેવી રાજસ્થાન અને સુરતમાં સામાજીક સ્તરે ખુબ જાણીતા વ્યક્તિ છે. માતા પાસેથી નરેન્દ્ર સાબુ મહેનત કરવાનું શીખ્યા અને આજે મનભરી ગ્રુપના નામે સુરતમાં ભારે જાણીતા પણ બની ગયા.

મનભરી પ્રિન્ટ્સને સાડીના વેપારમાં દેશભરમાં આજે બ્રાન્ડેડ પ્રોડક્ટ માનવામાં આવે છે. એસટીએમમાં આ ગ્રુપ ૧૦ દુકાનો થકી વેપાર નેટવર્ક ધરાવે છે. તે ઉપરાંત આ ગ્રુપ દ્વારા વેસુ વીઆઇપી રોડ પર ચાર પાર્ટીપ્લોટનું સંચાલન કરવામાં આવે છે. ટેક્સ્ટાઇલના વેપારમાં આ ગ્રુપ ડોમેસ્ટીકની સાથે ગલ્ફના દેશોમાં એક્સપોર્ટ કરવા તરફ આગળ વધી રહ્યું છે. સુરતમાં આટલી સફળતા સંઘર્ષ અને મહેનત થકી જ નરેન્દ્ર સાબુ મેળવી શક્યા છે. પોતાના માતા-પિતાને જીવનમાં પ્રેરણાસ્ત્રોત માનતા નરેન્દ્ર સાબુના માતા વિમલાદેવીએ ભારતના વીર સૈનિકોને મદદ કરવા માટે બોર્ડર પર પેરામેડિકલ સ્ટાફમાં નર્સ તરીકે પણ સેવા આપી હતી. સામાન્ય રીતે રાજસ્થાનના મહેશ્વરી સમાજમાં ૬૦ના દાયકામાં ઘૂંઘટ પ્રથા હતી ત્યારે વિમલાદેવીએ સામજિક ક્રાંતિના ભાગ સ્વરૂપે બંડ પોકારી રામઅવતાર સાબુના સહયોગથી ગ્રેજ્યુએશન કર્યું હતું.

મોરના ઇંડાને ચીતરવા ન પડે તેમ નરેન્દ્ર સાબુ પણ માતા-પિતાની જેમ સામાજીક જીવનમાં અગ્રેસર કામગીરી કરે છે. તેઓ મહેશ્વરી સમાજના ફાઉન્ડર ટ્રસ્ટી છે. મહાવીર સોસાયટી સંચાલિત મહાવીર સુપર સ્પેશ્યાલીટી હોસ્પિટલના ફાઉન્ડર ટ્રસ્ટી છે. મહેશ્વરી વિદ્યાભવન સમિતિના પણ તેઓ ફાઉન્ડર ટ્રસ્ટી છે. તે ઉપરાંત તેઓ વેપાર પ્રગતિ સંઘના કન્વિનર છે. આ સંઘના સભ્યો પ્રત્યેક રવિવારે બગીચામાં ભેગા થાય છે. કાપડના વેપારમાં જે વેપારીના નાણા ફસાઇ છે તે વેપારીઓ પંચમાં મુકી સમાધાન મેળવે છે. નરેન્દ્ર સાબુ રાજસ્થાનના વતનમાં ગૌશાળામાં સેવાદાન આપી રહ્યા છે. નરેન્દ્ર સાબુ સુરતમાં આધુનિક ગૌશાળા બનાવવાનું મિશન પણ ધરાવે છે. જેમાં પશુધનની સેવા સાથે તેની પ્રોડક્ટનો વેપાર પશુઓની જાળવણી માટે થઇ શકે. તે ઉપરાંત તેમનું આયોજન રીઅલ એસ્ટેટમાં આગળ ધપવાનું છે. નરેન્દ્ર સાબુના દિકરાઓ પણ પિતાના સંઘર્ષના માર્ગે જ આગળ વધી રહ્યા છે.

સુરતમાં અનેક રાજસ્થાની પરિવારો વસે છે પણ જેટલું કાઠું સાબુ પરિવારે કાઢ્યું છે. તેટલું અન્યોએ કાઢ્યું નથી. વિમલાદેવી સામાજિક આગેવાન તો તેમની સાથે રામઅવતાર પણ સમાજ માટે દોડાદોડી કરનાર વ્યક્તિ અને નરેન્દ્ર સાબુ પણ સમાજ માટે અનેક મદદ કરી રહ્યા છે. સુરતના કાપડના વેપારમાં જ્યાં હજારો પરિવારો વ્યવસાય કરતા હોય ત્યાં નરેન્દ્ર સાબુએ પિતાની સંઘર્ષ ગાથા સાથે પોતાનો પણ સંઘર્ષ જોડીને અશક્યને શક્ય બનાવવાની કોશિશ કરી છે.

નરેન્દ્ર સાબુ માત્ર વેપાર જ નહીં પણ અન્યોને સહાયરૂપ થવા માટેની પણ લાગણી ધરાવે છે. મૂળ રાજસ્થાનના વતની હોવા છતાં પણ નરેન્દ્ર સાબુ માટે હવે સુરત જ કર્મભૂમિ બની ગઇ છે.

વધુ જાણવા QR સ્કેન કરો

We should not judge people by their peak of excellence but by the distance they have travelled from the point where they started. - Henry Beecher